INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૨-૦૫-૨૦૨૪

- "કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું રાજીવ ગાંધી ભવન ખાતે વિમોચન કરતાં કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, સહિતના વરિષ્ઠ મહાનુભાવો.
- કોંગ્રેસ પક્ષ દ્વારા સતત ૨૦મા વર્ષે પ્રકાશીત "કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન પુસ્તક સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી – વાલીઓ માટે પથદર્શક બનશે.
- નવતર પ્રયોગના ભાગરૂપે ઈ-કાર્ડ દ્વારા ક્યુઆરકોર્ડ સ્કેન કરીને પણ સરળતાથી પુસ્તકને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી : www.careerpath.info અને www.incgujarat.com પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

"કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે, ઉજ્જવળ કારકિર્દી અને સફળ જીવન માટે ધોરણ-૧૦/૧૨ પછી અભ્યાસક્રમની પસંદગી અતિ મહત્વની બની જાય છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે રાજ્ય સરકાર ચિંતીત બને તે ઘણું જ આવશ્યક છે. ૧૦મું કે ૧૨મું ધોરણ પૂર્ણ કરવા બદલ અભિનંદન ! આ તમારી શૈક્ષણિક યાત્રામાં એક મહત્વપૂર્ણ છે. જેમ જેમ તમે તમારા જીવનના આગલા તબક્કામાં પ્રવેશ કરો છો, તેમ તેમ હું તમને તમારી ભાવિ કારકિર્દીની આકાંક્ષાઓ વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરવા માંગુ છું. આ એક રોમાંચક સમય છે, જે શક્યતાઓ અને તકોથી ભરેલો છે. યાદ રાખો, તમારી કારકિર્દી એક વ્યક્તિગત પસંદગી છે અને તેને તમારા જુસ્સા, રુચિઓ અને શક્તિઓ સાથે સંરેખિત કરવી આવશ્યક છે.બાળકની રસરૂચિ પ્રમાણે કારકિર્દી પસંદગીનો નિર્ણય લેવાય તો ઉત્તમ પરિણામો મળે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી કારકિર્દી ઘડતરની અનેક તકો ઉપલબ્ધ છે ત્યારે કોંગ્રેસ પક્ષ રાજનીતિની સાથે સમાજની પ્રગતિ, સમૃધ્ધિ અને સશક્તિકરણ માટે રચનાત્મક કાર્ય કરતો રહ્યો છે. કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી ખુબજ વ્યસ્ત રાજકીય જવાબદારી વચ્ચે પણ શૈક્ષણિક ઉમદા કામગીરી થકી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ-વાલીઓ માટે સતત ૨૦માં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તક થકી પથદર્શક - માર્ગદર્શકની ભૂમિકા ભજવી છે જે સરાહનીય અને અભિનંદનને પાત્ર છે.

વ્યાવસાયિકો સાથે જોડાઓ, કારકિર્દી મેળાઓમાં હાજરી આપો અને સંબંધો બનાવવા અને નવી તકો વિશે જાણવા માટે ઑનલાઇન સમુદાયોમાં જોડાઓ. આ તમને ઉદ્યોગના વલણો અને શ્રેષ્ઠ પ્રથાઓ વિશે માહિતગાર રહેવામાં મદદ કરશે. યાદ રાખો, તમારી કારકિર્દીની યાત્રામાં ઉતાર-ચઢાવ આવશે, પરંતુ દ્રઢતા, સખત મહેનત અને નિશ્ચય સાથે, તમે તમારા લક્ષ્યો પ્રાપ્ત કરશો. ગણતરીપૂર્વક જોખમો લેવામાં, પ્રતિસાદ મેળવવામાં અને બદલાતી પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવામાં ડરશો નહીં. આ રોમાંચક યાત્રા શરૂ કરતી વખતે સતત બદલાતા નોકરી બજારમાં સુસંગત રહેવા માટે તમારી કુશળતા, જ્ઞાન અને વલણને સતત અપડેટ કરો. પહેલ કરો, લક્ષ્યો નક્કી કરો અને તેમને પ્રાપ્ત કરવા માટે કાર્ય કરો. તકો તમારી પાસે આવે તેની રાહ ન જુઓ - તમારા પોતાના

બનાવો. શીખવાની, વૃદ્ધિ કરવાની અને પડકારોને દૂર કરવાની તમારી ક્ષમતામાં વિશ્વાસ રાખો. આ તમને અનિશ્ચિતતાને નેવિગેટ કરવામાં અને પ્રેરિત રહેવામાં મદદ કરશે.

કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જીવનમાં ઉત્તમ કારકિર્દી માટેના મહત્વના ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં સફળતા મેળવનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. ઉત્તમ કારકિર્દીનું સોનેરી સ્વપ્ન દરેક વિદ્યાર્થી, યુવાન કે વ્યક્તિનું હોય છે. બોર્ડના કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાની પદવી, ઉચ્ચ સ્થાન કે ગુણાંક મેળવવા થનગનતા હોય છે તે માટે સફળતાની ચાવી એટલે જ્ઞાન, પ્રશિક્ષણ, શક્તિ, સ્વપ્ન, આત્મવિશ્વાસ, એકાગ્રતા, સમર્પિતા આ સાત ગુણો છે. ગુજરાતમાં તમામ સમાજના વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દી માટે શિક્ષણ માળખાની સુવિધા સાથે ગુણવત્તાસભર શિક્ષણ મળે તે અતિ આવશ્યક છે. ગુજરાતના વાલી-વિદ્યાર્થીઓ અથાક મહેનત-પરિશ્રમ કરી સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે, ત્યારે રાજ્ય સરકારની જવાબદારી બને છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્રસ્થાને રાખીને કામગીરી કરે.

ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સચોટ અને સરળ માર્ગદર્શન માટે “કારકિર્દીના ઉંબરે” પુસ્તક દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવા સતત વીસમા વર્ષે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી (એન્જિનિયર) તથા સહયોગીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી છે, તે બદલ હું કોંગ્રેસ પક્ષ વતી સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવું છું. સર્વ વિદ્યાર્થી મિત્રો ઉજ્જ્વળ કારકિર્દી દ્વારા સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ.

સતત ૨૦માં વર્ષે “કારકિર્દીના ઊંબરે” ધોરણ ૧૦ અને ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકના સંપાદક અને કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી (એન્જિનિયર) જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫-૬માં. ગુજરાતમાં પ્રથમ વખત રાજકીય પક્ષ તરીકે યુવાનોના કારકિર્દી માર્ગદર્શન માટે કોંગ્રેસ પક્ષએ 'કારકિર્દીના ઉંબરે પુસ્તકનું વિમોચન કર્યું હતું. સતત વીસ વર્ષથી યુવાનોની કારકિર્દી માર્ગદર્શન માટે દર વર્ષે નવા અભ્યાસક્રમો, સ્કોલરશીપ, એજ્યુકેશન લોન, કોલેજ - યુનિવર્સીટીની વેબસાઈટ સહિતની વિગતો પુસ્તકમાં સમાવેશ કરવામાં આવે છે. કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતમાં રાષ્ટ્રીય સંસ્થા આઈ.આઈ.ટી., એન.આઈ.ડી.ન્યુ કેમ્પસ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી જે ગુજરાત માટે ગૌરવરૂપ અને સીમાચિન્હરૂપ સાબિત થશે. “ધોરણ-૧૨ પછી અભ્યાસક્રમોની અનેક તકો રાજ્ય અને દેશ કક્ષાએ ઉપલબ્ધ છે ત્યારે જરૂર છે માત્ર સમયસર અને યોગ્ય માર્ગદર્શનની કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તથા કારકિર્દી માર્ગદર્શન માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ સાથે સંપર્ક કરીને વધુમાં વધુ માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. “કારકિર્દીના ઉંબરે” પુસ્તકમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૨ પછી ઉપલબ્ધ ૨૦૦ થી વધુ અભ્યાસક્રમોની વિગતો સાથે વિશેષ કારકિર્દીના અભ્યાક્રમો અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સંસ્થાઓની માહિતી સાથે ૪૦ થી વધુ પ્રવેશ પરિક્ષા અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી છે તેમજ દેશમાં આગામી સમયની માંગ અનુસાર નોકરીની વિવિધ તકો ઉપર વિશેષ વિગતો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને વિકલાંગો માટે વિવિધ અભ્યાસક્રમોની વિશેષ વિગતો આપવામાં આવી છે. નવા નવા અભ્યાસક્રમો કે જે રાજ્યમાં ઉપલબ્ધ નથી તેની પણ માહિતી-પ્રવેશ પરિક્ષા અને બને ત્યાં સુધી જુદી જુદી સંસ્થાઓ કે જેઓ વિશિષ્ટ અભ્યાસક્રમો ભણાવે છે તેમની વેબસાઈટો પણ આપવામાં આવી છે. શિક્ષણ માટે એજ્યુકેશન લોન અને સ્કોલરશીપ આપતી વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ટ્રસ્ટોની વિગતો આ પુસ્તકની વિશેષતા છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી રામકિશન ઓઝા, કાર્યકારી અધ્યક્ષશ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી નીલેશ પટેલ, ઉપપ્રમુખશ્રી શ્રી બિમલ શાહ, ધારાસભ્યશ્રી દિનેશ ઠાકોર, મીડિયા કો-કન્વીનરશ્રી હેમાંગ રાવલ, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેંકર, શ્રી ભાવિક સોલંકી, શ્રી કાંતિભાઈ બાવરિયા સહિતના મહાનુભાવો

ઉપસ્થિત રહી "કારકિર્દીના ઊંબરે" પુસ્તક ગુજરાતના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં પથદર્શક બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

"કારકિર્દીના ઊંબરે" ધો-૧૨ પછી શું ? માર્ગદર્શન પુસ્તક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની વેબસાઈટ www.incgujarat.com અને www.Careerpath.info ઉપર પણ ઉબલબ્ધ થશે. નવતર પ્રયોગના ભાગરૂપે ઈ-કાર્ડ દ્વારા ક્યુઆરકોર્ડ સ્કેન કરીને પણ સરળતાથી પુસ્તકને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

(હિરેન બેંકર)
પ્રવક્તા

નોંધ – આ સાથે "કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન ઈ-પુસ્તક વિમોચનના ફોટોગ્રાફ્સ આપને ઈ-મેલ કરવામાં આવેલ છે.

